

# બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વે સર્વત્ર બ્રહ્માનંદ... સહજાનંદ... રંગોત્સવે રેલાયો ભક્તિ ઉમંગ !

**અનુપમ** મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં શ્રી ભગતજી મહારાજના ૧૯૭મા અને સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યમંગલની ભક્તિભીની ઉજવણી ૧૩ અને ૧૪ માર્ચ ૨૦૨૫ દરમિયાન સંપન્ન થઈ. અનુપમ મિશનના ભગવાંહૃદયી સંતો, નિષ્ઠાવાન અક્ષરમુકતો અને મહાનુભાવોની ભક્તિભીની ઉપસ્થિતિમાં આ મહાપર્વ અંતરના આનંદ અને પરમ ભક્તિભાવ સાથે ઉજવાયું. બ્રહ્મજ્યોતિની તપોભૂમિની સોડમ, મોરલાઓની ગહેક, નવપલ્લવિત લતાઓ, તરુવરની ઝૂમતી શાખાઓ, રંગબેરંગી પુષ્પોની મહેક જાણે આ મહાપર્વની ઉજવણીની આતુરતાથી રાહ જોતાં હોય તેવી અનુભૂતિ સર્વત્ર વ્યાપી હતી. આ ઉમંગમાં ઉમળકાભેર જોડાવા તત્પર દેશ-પરદેશના હજારો ભાવિક ભક્તો પણ હૈયે અપાર ભક્તિભાવ ધારીને પધાર્યા. સર્વત્ર પ્રસરેલ આનંદ અને દિવ્યભાવ અલૌકિક હતા ! વિશાળ મંડપ, વિશાળ એલ.ઈ.ડી. પર ટૅક્નોલૉજીના માધ્યમથી સુંદર સુશોભન અને ભવ્ય વ્યવસ્થાપન સાથે સંતોએ અદ્‌ભુત તૈયારીઓ કરી હતી. આ સેવાઓને મહિમા સાથે સાકાર કરવા સ્વયંસેવકો, થનગનતા તરવરિયા યુવાનો અગાઉથી બ્રહ્મજ્યોતિ પર પધારી ગયા હતા અને સંતોનાં માર્ગદર્શન મુજબ સેવામાં ઓતપ્રોત થઈ ગયા હતા. સૌએ ભેગાં મળીને અપાર સેવાઓ દ્વારા સઘળી વ્યવસ્થાઓ સંપન્ન કરી દીધી.

હોળી-૧૩ માર્ચના શુભ દિવસે સાંજે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજના પ્રાગટ્યઉત્સવ નિમિત્તે માહાત્મ્યદર્શન સભાનું આયોજન થયું. ઉત્સવ નિમિત્તે તૈયાર કરવામાં આવેલ વિશાળ સભામંડપમાં અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોના ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ પધારી આ સભાનો લાભ લીધો. શ્રી ઠાકોરજી મહારાજ, શ્રી ભગતજી મહારાજ, સંતભગવંત સાહેબજીનાં પૂજન કર્યાં બાદ અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ પ્રાસંગિક કીર્તનવંદના ધરી. સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે જીવન સમર્પિત કરવાના ભાવ સાથે સેવારત યુવતીઓ, વડીલ



વંદનમ્



પૂજનમ્



પુષ્પમાળ અર્પણમ્







સમર્પિત યુવતીઓ અને બહેનો દ્વારા વિશિષ્ટ હાર અર્પણ



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા પ્રાસંગિક માહાત્મ્યદર્શન અને આશીર્દાન

બહેનોએ સ્વહસ્તે તૈયાર કરેલ વિશિષ્ટ કલાત્મક હાર સંતભગવંત સાહેબજીને અર્પણ કર્યો.

સભા પ્રારંભે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજનાં જીવન અને કાર્યનાં અદ્‌ભુત મહિમાગાન કરી સૌને તેઓની ગુણાતીત ભાવનાનાં અલૌકિક દર્શન કરાવ્યાં. ગુરુ ગુણાતીતની અનુવૃત્તિ સમજી કરેલ ગુરુભક્તિ અને અજોડ આજ્ઞાપાલનની રીતિનું આધ્યાત્મિક રહસ્ય સમજાવી સૌને પ્રગટ સત્પુરુષ સંતભગવંત સાહેબજીના વચને જીવન જીવવાની અનેરી સમજણ પૂરી પાડી.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી 'શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વ' નિમિત્તે ભગતજી મહારાજે તેઓના ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા પાળી મેળવેલ અંતરની પ્રસન્નતા અને અલૌકિક પ્રાપ્તિનો મહિમા સમજાવ્યો. ગુરુદેવ યોગીજી મહારાજે સૌને આપેલ આજ્ઞાઓનાં પાલન કરી, તે અનુરૂપ જીવન જીવી ધન્યતા પામવાનો રાહ દર્શાવ્યો.

માહાત્મ્યદર્શન સભા બાદ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના ઉપક્રમે યોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ – 'ગુજરાતની ગૌરવગાથા : વલ્લભથી વિશ્વપ્રતિમા સુધી' પ્રસ્તુત થયો. સંતભગવંત સાહેબજીની ભાવના રહી છે કે, સરદાર પટેલ સાહેબનાં જીવન અને કાર્ય અદ્વિતીય ને પ્રેરણારૂપ છે. વિખ્યાત કલાકાર શ્રી કનુભાઈ પટેલ અને તેમની ટીમના સદસ્યો શ્રી સરદાર સાહેબના જીવનને સૌ સમક્ષ સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી અનેરી ઢબે પ્રસ્તુત કરી રહ્યા હતા તેથી સંતભગવંત સાહેબજીએ શ્રી કનુભાઈ પટેલને આ ગૌરવવંતો સાંસ્કૃતિક કાર્યક્રમ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પણ યોજવા નિર્દેશ કર્યો. સૌએ આ કાર્યક્રમ માણ્યો અને શ્રી સરદાર સાહેબને વંદન–અર્ઘ્ય ધર્યાં. દેશવિકાસ અને દેશભક્તિની અદ્‌ભુત પ્રેરણા સૌ આ કાર્યક્રમ દ્વારા પામ્યાં. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમના સંયોજક શ્રી કનુભાઈ પટેલ અને દિગ્દર્શક શ્રી કુમાર ભોઈનાં સન્માન કરવામાં આવ્યાં. ◆



સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



સાંસ્કૃતિક કાર્યક્રમના સંકલનકર્તા શ્રી કનુભાઈ પટેલ અને શ્રી કુમાર ભોઈનાં સન્માન



અનુપમ મિશનના વ્રતધારી સંતો દ્વારા તૈયાર કરાયેલ કલાત્મક હાર સંતભગવંત સાહેબજીને અર્પણ

**ધુળેટી**-૧૪ માર્ચના મંગલકારી દિવસે સંતભગવંત સાહેબજીનો ૮૬મો પ્રાગટ્યોત્સવ અનેક મહાનુભાવો, સંતો, ભક્તો, યુવાનોની ઉપસ્થિતિમાં ઉમંગ અને માહાત્મ્યસભર વાતાવરણમાં ઉજવાયો. સભાના આરંભમાં કલાત્મક સુશોભિત રથમાં બિરાજી સંતભગવંત સાહેબજી સભામંડપમાં પધાર્યા ત્યારે ભક્તિવંત યુવાનો અને યુવતીઓ દ્વારા અદ્ભુત નૃત્યભક્તિ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યાં. વિશાળ મંચ પર સંતભગવંત સાહેબજી નિજ આસને બિરાજ્યા બાદ શ્રી ઠાકોરજી મહારાજ અને સંતભગવંત સાહેબજી તથા ઉપસ્થિત સૌ સંતો-મહાનુભાવોનાં પૂજન કરવામાં આવ્યાં. અનુપમ મિશનના સૌ વ્રતધારી સંતોએ ભેગા મળીને એક અદ્વિતીય ને વિશિષ્ટ હાર સંતભગવંત સાહેબજીને અર્પણ કર્યો. આ પ્રસંગે હરિધામ સોખડાથી વરિષ્ઠ સાધુ પૂ. નિર્મળ સ્વામીજી, પૂ. ત્યાગવલ્લભ સ્વામીજી, સાંકરદાથી પૂ. બાપુ સ્વામી, યોગી ડિવાઈન સોસાયટી-પવઈથી પૂ. ભરતભાઈ, ગુણાતીત જ્યોત- વલ્લભવિદ્યાનગરથી પૂ. હંસાદીદી, સંત બહેનો તથા વિવિધ ક્ષેત્રે કાર્યરત અનેક સંસ્થાઓના અગ્રણી પ્રતિનિધિઓ, સમાજ સેવકો, રાજકીય અગ્રણીઓ આદિ પધાર્યાં. મંચસ્થ સૌ મહેમાનોને શ્રી ઠાકોરજીના પ્રસાદીના વિશિષ્ટ હાર અર્પણ કરી સ્વાગત કરાયાં.

સભા પ્રારંભે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવતાં કહ્યું કે, 'મૂળભૂત દેહભાવ ઓગાળી હઠ-માન-ઈર્ષ્યાના ભાવથી પર થવાની સાધના એ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સમજણ અને આચરણ વગર અશક્ય છે. સૌએ પ્રભુનો આશરો દૃઢ રાખવો. દેહ મૂકીને જેમને પામવા છે તે પ્રભુ માનવ દેહધારી ગુણાતીત સંત રૂપે જેમનામાં પ્રગટ છે તેવા સત્પુરુષમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કરી, તેમના સંબંધી ભક્તોની મન, કર્મ, વચને, નિર્દોષભાવે જે સેવા કરે તેની આધ્યાત્મિક પ્રગતિ થાય જ ! કોઈનાંય અભાવ, અવગુણ, ખટપટ કે માથાકૂટમાં પડીએ જ નહીં ! એટલે સૌ એક નિયમ લઈએ કે, કોઈનાં અભાવ, અવગુણ કે માથાકૂટમાં પડવાનું નહીં ને જો ભૂલથી પડી જવાય તો ઉપવાસ કરવો.'





પ્રાગટ્યદિને સંતભગવંત સાહેબજી દ્વારા શ્રી મુક્ત-અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજનાં મંગલ દર્શન-પ્રાર્થના અર્પણ





વ્રતધારી સંતો, યુવાનો અને યુવતીઓ દ્વારા સંતભગવંત સાહેબજીનાં સભાગૃહમાં વિશિષ્ટ સ્વાગત



મહિમાગાન : શ્રી અરવિંદ મહાજન



મહિમાગાન : શ્રી ડી. સી. પટેલ



મહિમાગાન : ડૉ. નિરંજનભાઈ પટેલ



મહિમાગાન : બારીન્દ્રભાઈ પટેલ

પ્રાસંગિક મહિમાદર્શન પૂ. ભરતભાઈ (પવઈ), શ્રી અરવિંદ મહાજન (રિટાયર્ડ લેફ્ટનન્ટ જનરલ), શ્રી ડી. સી. પટેલ (સંકેત સૅલ્સ, આણંદ), પૂ. બાપુ સ્વામી (સાંકરદા), પૂ. નિર્મળ સ્વામીજી, ડૉ. નિરંજનભાઈ પટેલ (વાઈસ ચાન્સેલરશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી), બારીન્દ્રભાઈ પટેલ આદિએ કરાવ્યાં. અનુપમ અક્ષરમુક્તો અને વિખ્યાત સંગીત કલાકારો અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ, ધૃતિબહેન બુચના સુમધુર કંઠે ગવાયેલ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનનું નૂતન આલ્બમ 'આઠે પહોર સહજાનંદ' સંતભગવંત સાહેબજીના વરદ હસ્તે મુક્તાર્પણ પામ્યું. આ આલ્બમમાં દિવસના આઠ પ્રહરના અલગ અલગ શાસ્ત્રીય રાગ આધારિત 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન સૌને મંત્રમુગ્ધ કરી દે તેવા સંગીત સાથે તૈયાર કરવામાં આવી, જેમાં બારીન્દ્રભાઈના સહયોગ પ્રાપ્ત થયા.

આ પ્રસંગે અનેક સંસ્થાઓના પ્રતિનિધિઓ, વિવિધ મંડળોના અક્ષરમુક્તોએ શુભેચ્છા પત્રો, કલાત્મક હાર અને સ્મૃતિભેટ અર્પણ કરી સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમનું અદ્‌ભુત દર્શન કરાવ્યું. અંતમાં, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આભારવિધિ કરી. ગુરુભકિત અદા કરવાના અને ગુરુપ્રસન્નતા પ્રાપ્ત કરવાના અનેરા ભક્તિભાવને સુદૃઢ કરી સૌ આ ઉત્સવની સ્મૃતિઓ હૃદયમાં લઈને વિસર્જિત થયાં.

ઉત્સવને સાકાર કરવા સંતોનાં માર્ગદર્શને વિવિધ કેન્દ્રોના યુવાઓ અને સક્રિય કાર્યકર્તાઓએ ઉતારા, રસોડા, મંચસજ્જા, સભા, બેઠક, પાર્કિંગ, સફાઈ, સેવા-સરભરા, ટ્રાન્સપૉર્ટ, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી આદિ વિવિધ વિભાગોની સેવા અપાર ભક્તિભાવે સંભાળી અને પધારનાર સૌ ભક્તોની પ્રભુના ભાવે સેવા કરી ગુરુહરિની પ્રસન્નતા અર્થે ભક્તિ અદા કરી. ◆



મહિમાગાન : પૂ. ભરતભાઈ



મહિમાગાન : પૂ. બાપુ સ્વામી



આશીર્દાન : પૂ. નિર્મળ સ્વામીજી



આભારદર્શન : પૂ. મનોજદાસજી



'આઠેય પહોર સહજાનંદ' ઑડિયો આલ્બમનાં મુક્તાર્પણ



સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન